# અલંકારના બે પ્રકાર છે. (Alankar in Gujarati)

1). શબ્દાલંકાર 2). અર્થાલંકાર

## શબ્દાલંકાર

જે અલંકાર દ્વારા શબ્દની ચમત્કૃતિ સર્જાતી હોય એને શબ્દાલંકાર કહેવાય છે.

### પેટા પ્રકાર

1). વર્ણાંનુંપ્રાસ (વર્ણસગાઇ) : એકનો એક વર્ણ બે કે તેથી વધુ.

2). શબ્દાનુપ્રાસ : એક સરખા ઉચ્ચાર પરંતુ અર્થ જુદો

3). આંતરપ્રાસ (પ્રાસસાંકળી) : પહેલા ચરણના છેલ્લા અને છેલ્લા ચરણના પહેલા શબ્દો વચ્ચે પ્રાસ.

4). અંત્યાનુંપ્રાસ : વાક્યને અંતે પ્રાસ રચાય

## અર્થાલંકાર

જે અલંકાર દ્વારા અર્થની ચમત્કૃતિ સર્જાતી હોય તેને અર્થાલંકાર કહે છે.

### પેટા પ્રકાર

1). ઉપમા : ઉપમેયની સરખામણી ઉપમાન સાથે (જેવો, જેવી, જેવુ, સમો, સમું, શો, શી)

2). ઉત્પ્રેક્ષા : ઉપમેય જાણે ઉપમાન હોય તેવો. (જાણે, રખે, શકે)

3). અનન્વય : ઉપમેયની સરખામણી ઉપમેય સાથે. (એટલે, તે, ઇ)

4). વ્યાજસ્તુતિ : પ્રસંશા દ્વારા નિંદા, અને નિંદા દ્દ્વારા પ્રસંશા કરવામાં આવે.

5). વ્યતિરેક : ઉપમેયને ઉપમાન કરતાં ચડિયાતો દર્શવવામાં આવે.

6). સજીવારોપાણ : નિર્જીવ વસ્તુમાં સજીવનું આરોપણ કરવામાં આવે.

7). રૂપક : ઉપમેય અને ઉપમાનને એકરૂપ દર્શાવવામાં આવે.

8). શ્લેષ : શબ્દ જોડવાથી કે તોડવાથી બે કે તેથી વધુ અર્થ બને.

9). અતિશયોક્તિ : ઉપમેયનો ઉલ્લેખ જ ન કરી ઉપમાન જ ઉપમેય હોય.

10). અપહનુતિ : ઉપમેયનો એકવાર નિષેધ કરી ફરી આરોપણ.

11). દૃષ્ટાંત : એક વાકયની વિગતનું પ્રતિબિંબ બીજા વાકયમાં

12). અર્થાન્તર : સામાન્ય વાતનું વિશિષ્ટ અને વિશિષ્ટ વાતનું સામાન્ય વાત દ્વારા સમર્થન.

13). સ્વભાવોકિત : અલંકારનો ઉપયોગ કર્યા વિના જેવુ હોય તેવું યથાર્થ આલેખન.

14). અન્યોહિત : મુદ્દા કે વાત છુપાવી આડકતરી વાત દ્વારા મુખ્ય વાતનો બોધ.

15). વિરોધાભાસ : વાકય સામાન્ય દૃષ્ટિથી અર્થહિન લાગે પરંતુ ઊંડાણમાં અર્થ મળે.

શિક્ષણ સાગર

# કૃદંત

જે પદો ક્રિયા બતાવે છે પણ ક્રિયાપદની જેમ વાક્ય બનાવી અર્થ પૂરો કરી શકતા નથી તેને કૃદંત કહેવાય છે.

## કૃદંતના મુખ્ય પાંચ પ્રકાર છે.

| ક્રમ | કૃદંત | પ્રત્યેય |
|---|---|---|
| 1 | વર્તમાન કૃદંત | ત |
| 2 | ભૂત કૃદંત | ય/ય +એલ |
| 3 | ભવિષ્ય કૃદંત | નાર |
| 4 | સામાન્ય કે વિધ્યર્થ કૃદંત | વ |
| 5 | સબંધક કૃદંત | ઇ/ઈને |

Krudant n Gu arat

- Krudant n Gu arat Mock Test

## કૃદંતના પ્રકાર

અહીં કૃદંતના તમામ 5 પ્રકારની સમજૂતી અને ઉદાહરણ સાથે માહિતી આપવામાં આવેલ છે. જે તમે સરળતાથી સમજી શકશો.

## વર્તમાન કૃદંત :

ધાતુને 'ત' પ્રત્યય લગાડીને વર્તમાન કૃદંત બનાવાય છે. આ કૃદંત મુખ્યત્વે કોઈપણ કાળની ચાલુ અવસ્થા દર્શાવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો 'રમત' ધાતુ પરથી બનતા વર્તમાન કૃદંત : રમતું, રમતો, રમતી, વગરે..

- તે રોજ મારે ત્યાં આવતો. (ક્રિયાપદ તરીકે)
- હસતું મોઢું રાખજો. (વિશેષણ તરીકે)

## ભૂત કૃદંત :

ધાતુને 'ય' અથવા 'ય/એલ' પ્રત્યય લગાડીને ભૂત કૃદંત બનાવાય છે. આ કૃદંત મુખ્યત્વે કોઈપણ કાળની પૂર્ણ અવસ્થા દર્શાવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો 'દોડ' ધાતુ પરથી બનતા વર્તમાન કૃદંત : દોડ્યું, દોડી, દોડ્યો, દોડેલી, દોડેલું, દોડેલા, વગેરે..

- કરમાયેલા ફૂલનો ઢગલો પડયો છે. (ક્રિયાપદ તરીકે)
- રમેશ પથારીમાં પડ્યો પડ્યો વાંચે છે. (ક્રિયા વિશેષણ તરીકે)

## ભવિષ્ય કૃદંત

ધાતુને 'નાર' પ્રત્યય લગાડીને ભવિષ્ય કૃદંત બનાવાય છે. આ કૃદંત મુખ્યવે કોઈપણ કાળની અપેક્ષિત ક્રિયા દર્શાવે છે.

- એ આજે ગુજરાતથી આવનાર હતો. (ક્રિયાપદ તરીકે)
- આવનારાં બધા આવી ગયા. (વિશેષણ તરીકે)
- હોસ્ટેલમાં રહેનારને પ્રથમ પ્રવેશ મળશે. (સંજ્ઞા તરીકે)

## વિધ્યર્થ અથવા સામાન્ય કૃદંત :

ધાતુને 'વ' પ્રત્યય લગાડીને વિધ્યર્થ કૃદંત બનાવાય છે. આ કૃદંત મુખ્યત્વે ક્રિયાની વિધિ કે કેવળ ક્રિયા થવાનો ભાવ દર્શાવે છે. ઉદાહરણ તરીકે જોઈએ તો 'બોલ' ધાતુ પરથી બનતા વર્તમાન કૃદંત : બોલવું, બોલવી, બોલવો, બોલવા, વગેરે.

- તમારે બરાબર નવ વાગ્યે આવી જવું. (ક્રિયાપદ તરીકે)
- હરામનું ખાવું કોને ગમે? (સંજ્ઞા તરીકે)

## સબંધક કૃદંત :

ધાતુને 'ઇ' કે 'ઈને' પ્રત્યય લગાડીને સંબધક કૃદંત બનાવાય છે. આ કૃદંત મુખ્યત્વે કોઈ કાળની મુખ્ય ક્રિયાની પૂર્વવર્તી ક્રિયા દર્શાવે છે.

- દૂધ પીન હું નીકળ્યો છું. (ક્રિયાવિશેષણ તરીકે)
- કામ પૂરું કરીને આવજો. (ક્રિયાવિશેષણ તરીકે)

## Krudant n Gu arat Mock

# ક્રિયા વિશેષણ એટલે શું?

**ક્રિયાપદના અર્થમાં વધારો કરતા પદ (શબ્દ)ને ક્રિયાવિશેષણ તરીકે ઓળખવામાં આવે છે.**

**ક્રિયા ક્યારે થઈ, ક્યાં થઈ, કેવી રીતે થઈ, શા માટે થઈ એ ક્રિયા વિશેષણાત્મક પદો દર્શાવે છે.**

**kr ya v sheshan na prakar**

## ક્રિયા વિશેષણના કુલ 10 પ્રકાર પડે છે.

**1). સ્થળવાચક ક્રિયા વિશેષણ, 2). કાળવાચક ક્રિયાવિશેષણ, 3). રીતિવાચક ક્રિયા વિશેષણ, 4). પરિણામવાચક ક્રિયાવિશેષણ, 5). ક્રમવાચક ક્રિયા વિશેષણ, 6). નિશ્ચયવાચક ક્રિયા વિશેષણ, 7). સ્વીકારવાચક ક્રિયાવિશેષણ, 8). નકારવાચક ક્રિયાવિશેષણ, 9). સંભાવનાવાચક ક્રિયાવિશેષણ, 10). સંખ્યાવાચક ક્રિયાવિશેષણ,**

### 1). સ્થળવાચક ક્રિયા વિશેષણ

**આ ક્રિયાવિશેષણ ક્રિયાનું સ્થળ બતાવે છે. ત્યાં, ક્યાં, અહીં, ઉપર, નીચે, અંદર, બહાર, નજીક, પાસે, દૂર, લગોલગ આવા ક્રિયાવિશેષણ છે.**

- **ચિરાગ ત્યાં ઊભો છે.**
- **કાર્તિક નીચે બેઠો છે.**

### 2). કાળવાચક ક્રિયાવિશેષણ

**આ ક્રિયા વિશેષણ ક્રિયાનો કાળ એટલે કે સમય બતાવે છે. ત્યારે, ક્યારે, હાલ, કાલે, આજે, રોજ, હમણાં, વખતસર, સદા વગેરે કાળવાચક ક્રિયાવિશેષણ છે.**

- **તમે ઓફિસે હમણાં જશો?**
- **ચિરાગ મોડો ઊઠયો.**

### 3). રીતિવાચક ક્રિયા વિશેષણ

**આ ક્રિયાવિશેષણ ક્રિયા કેવી રીતે થઈ તે દર્શાવે છે. ચૂપચાપ, એકદમ, તરત, તાબડતોબ, એકાએક, અડોઅડ, ફટાફટ, તરતોતરત વગેરે રીતિવાચક ક્રિયાવિશેષણ છે.**

- **ઉતાવળે આંબા પાકતા નથી.**
- **કાચબો ધીમે ધીમે ચાલે છે.**

શિક્ષણ સાગર

## 4). પરિણામવાચક ક્રિયાવિશેષણ

આ ક્રિયા વિશેષણ ક્રિયાનુ પ્રમાણ –માપ દર્શાવે છે. ઘણું, થોડું, જરા, લગીર, ખૂબ, અતિશય, બિલકુલ, તદ્દન, છેક વગેરે પરિમાણવાચક ક્રિયાવિશેષણ છે.

- લાલો તદ્દન થાકી ગયો છે.
- મેં ખૂબ ખાધું છે.

## 5). ક્રમવાચક ક્રિયા વિશેષણ

આ ક્રિયા વિશેષણ ક્રિયાનો ક્રમ દર્શાવે છે. આગળ, પાછળ, પછી, અંતે, છેલ્લે, આરંભે, પહેલા, અગાઉ, વગેરે ક્રમવાચક ક્રિયાવિશેષણ છે.

- આ અગાઉ આટલો તડકો પડ્યો નથી.
- શિષ્ય ગુરુની પાછળ જાય છે.

## 6). નિશ્ચયવાચક ક્રિયા વિશેષણ

આ ક્રિયાવિશેષણ ક્રિયાનુ જરૂરી બનશે કે બની એવો નિશ્ચય બતાવે છે. અવશ્ય, જરૂર, ચોક્કસ, નીઃશંક ખરેખર ખચીત વગેરે નિશ્ચિતવાચક ક્રિયાવિશેષણ છે.

- તે અવશ્ય આવશે.
- આ પ્રશ્ન ચોક્કસ પૂછાશે.

## 7). સ્વીકારવાચક ક્રિયાવિશેષણ

આ ક્રિયાવિશેષણ બનેલી કે બનાવવાની ક્રિયાનો સ્વીકારનો અર્થ બતાવે છે. સારું, ભલે, ઠીક, વારુ, છો, હા વગેરે સ્વીકાર ક્રિયાવિશેષણ છે.

- અતિથિ ભલે પધાર્યા.
- સારું, આ અંગે હું નિર્ણય કરીશ.

## 8). નકારવાચક ક્રિયાવિશેષણ

આ ક્રિયાવિશેષણ ક્રિયા નકરવાના અર્થમાં વપરાય છે. ના, મા, ન, નથી, નહી વગેરે નકારવાચક ક્રિયાવિશેષણ છે.

- અસત્ય ન બોલાય.

shikshansagar.com The King of Education શિક્ષણ સાગર

- તમે જશો મા.

## 9). સંભાવનાવાચક ક્રિયાવિશેષણ

આ ક્રિયાવિશેષણ ક્રિયા બની છે કે બનશે એની સંભાવનાનો અર્થ બતાવે છે. જાણે, રખે, કદાચ, શકે વગેરે સંભાવનાવાચક ક્રિયાવિશેષણ છે.

- જાણે કુદરતનો કોપ ઉતર્યો હોય એવું લાગે છે.

- આ જવાબ કદાચ ખોટો છે.

## 10). સંખ્યાવાચક ક્રિયાવિશેષણ

આ ક્રિયાવિશેષણ ક્રિયા સંખ્યા એટલે કે ક્રિયા કેટલી વાર થઈ તે બતાવે છે. એક વાર, અનેક વાર, વારંવાર, બહુ વાર વગેરે સંખ્યાવાચક ક્રિયાવિશેષણ છે.

- આ લેખ વારંવાર છપાય છે.

- એક વાર મારી વાત સાંભળો.

shikshansagar.com શિક્ષણ સાગર The King of Education

કવિતામાં દરેક પંક્તિ અમુક ચોક્કસ માપની હોય છે. ટૂકમાં, 'માધુર્ય' અને લય સર્જવા માટે દરેક લીટીમાં અક્ષરોની અમુક પ્રકારની ગોઠવણી એટલે છંદ.

છંદના મુખ્ય બે પ્રકાર છે.

1). અક્ષરમેળ છંદ 2). માત્રામેળ છંદ

## 1). અક્ષરમેળ છંદ

| છંદનું નામ | અક્ષરની સંખ્યા | સૂત્ર | ઓળખ |
|---|---|---|---|
| મંદાક્રાંન્તા | 17 | મભનતતગાગા | પહેલા ત્રણ ગુરુ |
| શિખરિણી | 17 | યમનસભલગા | બીજા ત્રણ ગુરુ |
| હરિણી | 17 | નસમરસલગા | ત્રીજા ત્રણ ગુરુ |
| પૃથ્વી | 17 | જસ જસ યમલગા | 1-લઘુ 2-ગુરુ 3-લઘુ |
| શાર્દૂલવિક્રિડીત | 19 | મસ જસ તતગા | પહેલા ત્રણ ગુરુ |
| સ્રગ્ધરા | 21 | મરભનયયય | પહેલા ત્રણ ગુરુ |
| વસંતતિલકા | 14 | તભજજગાગા | 1,2 ગુરુ |
| ઇન્દ્રવજા | 11 | તત જ ગાગા | 1,2,4,5 ગુરુ |
| ઉપેન્દ્રવજા | 11 | જતજ ગાગા | 1-લઘુ, 2-ગુરુ, 3-લઘુ |
| ઉપજાતિ | 22 (11+11) | – | – |
| વંશસ્થ | 12 | જતજર | 1-લઘુ, 2-ગુરુ, 3-લઘુ |
| તોટક | 12 | સસસસ | 1,2,4,5 લઘુ |
| ભુજંગી | 12 | યયયય | 2,3,5,6 ગુરુ |
| માલિની | 15 | નનમયય | 1 થી 6 લઘુ |
| મનહર | 31 | કુલ ચરણ-2 | 5મો અક્ષર ગુરુ |
| અનુષ્ટુપ | 32 | કુલ ચરણ -4 | 1 અને 3 ચરણ (લઘુ,ગુરુ,ગુરુ)<br>2 અને 4 ચરણ (લઘુ-ગુરુ-લઘુ) |

## 2). માત્રામેળ છંદ

| છંદનું નામ | માત્રાની સંખ્યા | ઓળખ |
|---|---|---|
| ચોપાઈ | 15 | કુલ ચરણ -4 |
| દોહરો | 24 | કુલ ચરણ -4 |
| હરિગીત | 28 | |
| જુલણા | 37 | કુલ ચરણ -4 |
| સવૈયા | 31 કે 32 | |

શિક્ષણ સાગર The King of Education

ગુજરાતીમાં કેટલાક ઘટકો એવા છે કે જે ક્રિયાવિશેષણ, ક્રિયાપદ, વિશેષણ કે સંજ્ઞા જેમાં જુદા જુદા પ્રકારના પદોની સાથે કે એમની આગળ પાછળ આવે છે અને ભાર વગેરે જુદી જુદી અર્થચ્છાયાઓ દર્શાવે છે, એમને 'નિપાત' તરીકે ઓળખી શકાય. ગુજરાતીમાં 'ને', 'સુધ્ધાં', 'જ', 'જી' 'ય', 'તો', 'પણ', 'ફક્ત-માત્ર-કેવળ',. 'ખરું-ખરો' જેવા નિપાત મળે છે.

## નિપાતના પ્રકારો

નિપાતના મુખ્ય ચાર પ્રકાર પડે છે.

1). ભારવાચક

2). સીમાવાચક

3). વિનયવાચક

4). વાક્યનાં લટકણીયાં

## નિપાત દ્વારા સૂચવાતા અર્થ

1). 'જ' – આ નિપાત ભારપૂર્વક કથન કરવા માટે વપરાય છે, જે પદ(શબ્દ)ની સાથે આવે છે તેનું ભારપૂર્વક કથન થાય છે. 'આ જ અને અન્ય નહિ' એવો એનો અર્થ હોય છે. જેમ કએ...

- તમે સારું જ કર્યું. (ખરેખર સારું)
- અત્યારે જ આવો. (પછી નહીં)
- એ કિશોર જ છે. (બીજું કોઈ નહિ)

2). 'તો' – આ નિપાત અન્ય નિરપેક્ષતાનો અર્થ એટલે કે, 'બીજું નહિ તો પણ' નો અર્થ દર્શાવે છે અને જયારે એ વાકયમાં ક્રિયાપદની સાથે આવે છે ત્યારે 'ખારું'નું વિકારી રૂપ લે છે. જેમ કે...

- હું તો જઈશ. (બીજું કોઈ આવે કે ન અવે તો પણ)
- એ આવશે તો ખરા. (ક્યારે અવે તે નક્કી નહી તઓ પણ)

3). 'ને' આ નિપાત ક્રિયાપદ સાથે આવે છે અને વિધેયવાચક અન્ય પદની સાથે આવે છે અને આગ્રહ કે ખાતરીનો અર્થ દર્શાવે છે. જેમ કે...

- બેસો ને. (આગ્રહ)
- તમે આવશો ને. (ખાતરી)

# વાકયના પ્રકારો

1). કર્તરી વાકય : ક્રિયા કરનાર કોણ છે તે સ્પ્રષ્ટ થતું હોય તે.

- રમા  ગુલાબજાંબુ બનાવે છે.
- રમેશ પ્રેમપત્ર લખે છે.

2). કર્મણિવાકય : ક્રિયાનાં મૂળ અંગને 'આ' પ્રત્યય લગાડવામાં આવે ત્યારે કર્મની વાકય બને છે.

- રમા થી ગુલાબજાંબુ બનાવાય છે.
- રમેશથી પ્રેમપત્ર લખાય છે.

3). ભાવે વાકય : જ્યારે વાક્યમાં કર્મ ન હોય અને એને કારણે ક્રિયાભાવની મુખ્યતા પ્રગટ થતી હોય અને કર્તા ગૌણ હોય અથવા હોયજ નહીં ત્યારે ભાવે વાક્યરચના બને છે.

- રાજેશથી સુવાય છે.
- સુરજથી ઉગાય છે.

4). પ્રેરક વાકય : જ્યારે કર્તા બીજાની પ્રેરણાથી ક્રિયા કરે ત્યારે પ્રેરક વાક્ય બને છે.

- પિતા રમેશને રમાડે છે.
- શિક્ષક ઉમેશને વાંચવે છે.

5). પુન : પ્રેરક : કર્તા જે ક્રિયા જાતે કરે તે ક્રિયા કરનાર વ્યક્તિના નામની સ્પષ્ટતા કરે.

6). સંકૂલ વાકય   : એક મુખ્ય વાકય ઉપર વિશેષણ કે ક્રિયા વિશેષણ કાર્ય કરે.

- તમે ખાતા હશો તે હું ખાઇશ (તે હું ખાઇશ – મુખ્ય વાકય, તમે ખાતા હશો – ગૌણ વાકય)

7). સંયુક્ત વાકય : બે વાકય સંયોજકની મદદથી જોડાયેલા હોય.

- મનુષ્ય ધારે છે કાઇ અને થાય છે કાઇ.
- એ છોકરો બાળપણથી વાંચી શકે છે પણ અક્ષરો બરાબર લખી શકતો નથી.

# વિશેષણ અને તેના પ્રકાર

**વિશેષણ (V sheshan n Gu arat ): નામ કે સર્વનામના અર્થમાં વધારો કરનાર શબ્દોને વિશેષણ કહેવામા આવે છે**

**વિશેષણ અને વિશેષ્ય :**

**વિશેષણ : શબ્દ, નામ કે સંજ્ઞાના અર્થમાં વધારો કરે છે તેને 'વિશેષણ' કહે છે.**

**વિશેષ્ય : વિશેષણ જેનો ગુણ કે ક્રિયા દાવશાંવે છે તેને 'વિશેષ્ય' કહે છે.**

**સ્વરૂપની રીતે વિશેષણના બે પ્રકાર છે.**

**1). વિકારી : જે વિશેષણના રૂપમાં વિશેષ્યના જાતિ અને વચનના ફેરફારને કારણે વિકાર આવે છે તેને વિકારી વિશેષણ કહે છે.**

**2). અવિકારી : જે વિશેષણના રૂપમાં વિશેષ્યના જાતિ-વચનને કારણે કોઈ ફેરફાર થતો નથી તેને અવિકારી વિશેષણ કહે છે.**

**V sheshan n Gu arat**

## V sheshan na prakar n Gu arat

**1). ગુણવાચક વિશેષણ : વિશેષ્યનો ગુણ દર્શાવે છે.**

- રૂપેરી ચાંદો ઊગ્યો.
- મને રંગીન ફૂલ ગમે છે.

**2). સંખ્યાવાચક વિશેષણ : વિશેષ્યની સંખ્યા દર્શાવે છે.**

- મધમાખીને છ પગ હોય છે.
- પાંચ વિધાર્થીઓને ઈનામ મળ્યા.

**3). નિશ્ચિતવાચક વિશેષણ : એક, બે, ત્રણ, પેલું, બીજું, પા, અડધું, દોઢ, સવાયું, એકવડુ, બેવડું જેવા ચોક્કસ માપ કે સંખ્યા દર્શાવી હોય.**

4). અનિશ્રિતવાચક વિશેષણ : નામ કે સર્વનામમ અનીશ્રિતપણે વિશેષતા દર્શાવાતું હોય. (કોઈક, કઈક, પ્રત્યેક, દરેક, થોડું)

5). રંગવાચક વિશેષણ : વિશેષ્યનો રંગ દર્શાવે

6). સ્વાદવાચક વિશેષણ : વિશેષ્યનો સ્વાદ દર્શાવે

7). આકારવાચક વિશેષણ : વિશેષ્યનો આકાર દર્શાવે

8). પ્રશ્નવાચક વિશેષણ : વિશેષ્યને પ્રશ્ન તરીકે વપરાય.

(કોણ, ક્યારે, ક્યાં, ક્યું, શું, કેમ)

9). દર્શકવાચક વિશેષણ : વાક્યમાં ચોક્કસ વ્યક્તિ કે વસ્તુને દર્શાવતા શબ્દો દર્શાવવામાં આવ્યા હોય તે.

- ચિરાગ આ દિશામાં ગયો.
- પેલા ઝાડ નીચે ઉભેલા માણસને બોલાવો.

10). સાપેક્ષવાચક : વિશેષ્યના સાપેક્ષ તરીકે વપરાય

- જ્યારે વરસાદ આવશે ત્યારે તળાવ ભરાશે.

11). પરિણામ વાચક : વિશેષ્યના માપ દર્શાવે

- બધું કામ પૂરું કરો.
- આપણે જરા ઊંચે ચડીએ.

# સંજ્ઞા અને તેના પ્રકાર

1). વ્યક્તિવાચક : કોઈ પ્રાણી કે પદાર્થને તેની જ જાતિના બીજા પ્રાણી કે પદાર્થથી અલગ પડતાં

2). જાતિવાચક : આખા વર્ગને કે વર્ગમાંથી પ્રત્યેક વ્યક્તિ ને લાગુ પડે

3). સમૂહવાચક : વ્યક્તિ, પ્રાણી કે વસ્તુઓના ઓળખ આપતા સમૂહને..

4). દ્રવ્યવાચક : ખાવાપીવાની તમામ ચીજવસ્તુઓ, ધાતુઓ, ખનીજો અને બાંધકામની વસ્તુઓની ઓળખ આપતા..

5). ભાવવાચક : જોઈ કે સ્પર્શી ન શકાય પરંતુ કેવળ અનુભવી શકાય.

shikshansagar.com · The King of Education શિક્ષણ સાગર

# સમાસ એટલે શું ? (Samas n Gu arat )

બે કે વધુ શબ્દો જોડાઈને નવા જ અર્થવાળો એક શબ્દ બને તેને સમાસ કહેવાય છે.

1). પૂર્વપદ : સમાસના શબ્દોમાં જે પ્રથમ હોય તે પૂર્વપદ કહેવાય.

2). ઉત્તરપદ : સમાસના શબ્દોમાં જે શબ્દ બીજો અથવા પછીનો હોય તે ઉત્તરપદ કહેવાય.

## સમાસ અને તેના પ્રકારો

1). દ્વાન્દ્વ સમાસ (અન્ય પદ) : પૂર્વપદ અને ઉત્તરપદ જોડકા રૂપે (અને, કે, અથવા)

2). કર્મ ધારય (એક પદ):

– પૂર્વપદ તરીકે મહા/નવ જેવા શબ્દો.

– પૂર્વ પદ તરીકે વિશેષણ ઉત્તરપદ તરીકે નામ.

(રૂપી, જેવુ, જેવા, જેવી, જેવો, એથી, એનું એવો, એવી)

3). દ્વિગુ (એક પદ) : પૂર્વપદ સંખ્યાત્મક ઉત્તર પદ સમૂહના અર્થનું સૂચન.

4). ઉપપદ (અન્ય પદ) : પૂર્વપદ તરીકે નામ ઉત્તર પદ તરીકે ક્રિયાના અર્થનું સૂચન.

(નાર પ્રત્યય લાગે)

5). અવ્યયીભાવ (અન્ય પદ) : પૂર્વ પદ તરીકે અવ્યવ ઉત્તરપદ તરીકે નામ.

(યથા, પ્રતિ, આ, ઉપર, નીચે, અંદર, બહાર)

6). બહુવ્રીહિ : પૂર્વપદ અને ઉત્તરપદનું મહત્વ નથી કોઈ ત્રીજી જ વ્યક્તિની વાત કરાય.

(જે...છે. તે, જેવુ... છે, તેવું, જેનું...છે)

7). તત્પુરુષ (એક પદ) : પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે વિભક્તિ પ્રત્યેય.

8). મધ્યમપદ લોપી (એક પદ) : મધ્યપદનો લોપ

શિક્ષણ સાગર

**સર્વનામની વ્યાખ્યા** : નામ(સંજ્ઞા) ને બદલે વપરાતા પદોને 'સર્વનામ' કહે છે, જેમ કે હું, તમે, તે, તેઓ, આ, જે વગેરે પદો કોઈને કોઈ નામને બદલે વાકયામાં વપરાય છે.

### દા:ત

1). તમે કયાં જાવ છો ?

2). તેઓ સુરત ગયા.

આપેલ વાકયમાં તમે અને તેઓ સર્વનામ છે.

## સર્વનામના પ્રકારો

સર્વનામના મુખ્ય છ (6) પ્રકાર છે. જેની ઉદાહરણ સાથે વિસ્તૃત સમજૂતી નીચે આપેલ છે.

## પુરુષવાચક સર્વનામ

જુદી જુદી વ્યાકતીઓ કે પુરુષોને દર્શાવવા માટે વપરાતા સર્વનામ પુરુષવાચક કહેવાય છે. પુરુષવાચક સર્વનામના ત્રણ પ્રકાર છે. પહેલો પુરુષ સર્વનામ, બીજો પુરુષ સર્વનામ અને ત્રીજો પુરુષ સર્વનામ.

વાકયમાં બોલનાર તે પહેલો પુરુષ, જેની સાથે એ બોલે છે તે બીજો પુરુષ અને જેના વિષે એ વાત કરે છે તે ત્રીજો પુરુષ કહેવાય છે.

| પુરુષ | એકવચન | બહુવચક |
|---|---|---|
| પહેલો પુરુષ | હું, મારાથી, મારૂ, મારામાં | અમે, અમને, અમારાથી, અમારું, અમારામાં |
| બીજો પુરુષ | તું, તમે, તારાથી, તારું,તારામાં | તમે, તમને, તમારાથી, તમારું, તમારામાં |
| ત્રીજો પુરુષ | તે, તેને, તેનાથી, તેનું, તેનામાં, | તેઓ, તેઓને, તેમનું, તેઓથી, તેમનાથી, તેઓનું, તેમનામાં |

**સર્વનામની વ્યાખ્યા** : નામ(સંજ્ઞા) ને બદલે વપરાતા પદોને 'સર્વનામ' કહે છે, જેમ કે હું, તમે, તે, તેઓ, આ, જે વગેરે પદો કોઈને કોઈ નામને બદલે વાકયામાં વપરાય છે.

દા:ત

1). તમે કયાં જાવ છો ?

2). તેઓ સુરત ગયા.

આપેલ વાકયમાં તમે અને તેઓ સર્વનામ છે.

## સર્વનામના પ્રકારો

સર્વનામના મુખ્ય છ (6) પ્રકાર છે. જેની ઉદાહરણ સાથે વિસ્તૃત સમજૂતી નીચે આપેલ છે.

## પુરુષવાચક સર્વનામ

જુદી જુદી વ્યાકતીઓ કે પુરુષોને દર્શાવવા માટે વપરાતા સર્વનામ પુરુષવાચક કહેવાય છે. પુરુષવાચક સર્વનામના ત્રણ પ્રકાર છે. પહેલો પુરુષ સર્વનામ, બીજો પુરુષ સર્વનામ અને ત્રીજો પુરુષ સર્વનામ.

વાકયમાં બોલનાર તે પહેલો પુરુષ, જેની સાથે એ બોલે છે તે બીજો પુરુષ અને જેના વિષે એ વાત કરે છે તે ત્રીજો પુરુષ કહેવાય છે.

Sarvanam n Gu arat

## દર્શક સર્વનામ

નામને દૂરના કે પાસેના પદાર્થ દર્શાવવા માટે જે શબ્દને બદલે વપરાય છે તે દર્શક સર્વનામ છે. જેવા કે "આ, એ, તે, પેલું" એ દર્શક સર્વનામ છે. પાસેના કે પ્રત્યક્ષ પદાર્થના નામ માટે 'આ' કે 'એ' અને દૂરના કે પરોક્ષ પદાર્થના નામ માટે 'પેલું' વપરાય છે. 'એ' કરતાં 'આ' વધારે નજીકના પદાર્થ માટે વપરાય છે.

ઉદાહરણ :

1). તમને કઈ ચાદર ગમી ? આ કે પેલી ?

2). જુઓ, તે દેખાય છે.

## સાપેક્ષ સર્વનામ

પ્રાણી કે પદાર્થના નામ (સંજ્ઞા)ને બદલે વપરાયેલા એકબીજાની અપેક્ષા રાખતા જોડકા, એટલે કે જે સર્વનામ બીજા શબ્દની અપેક્ષા રહે છે. જેની પછી બીજો કોઈ શબ્દ વાપરવો જ પડે છે તેને સાપેક્ષ સર્વનામ કહે છે. જેમકે 'જયારે-ત્યારે', 'જે-તે'. 'જેવુ-તેવું' વગેરે...

ઉદાહરણ :

1). જેવુ કરે તેવુ પામે.

2). જેવુ કાર્ય કરશો તેવું ફળ પામશો.

## પ્રશ્નવાચક સર્વનામ

નામ (સંજ્ઞા) ને બદલે વપરાતાં અને પ્રશ્ન પૂછવા માટે ઉપયોગમાં લેવાતાં પદોને પ્રશ્નવાચક સર્વનામ કહે છે. જેવા કે 'કોણ, શું, કયું' વગેરે પ્રશ્નવાચક સર્વનામ છે.

(સામન્ય રીતે 'કોણ' સજીવ અને 'શું' નિર્જીવ પદાર્થ માટે વપરાય છે)

ઉદાહરણ :

1). આજે ભાવનગરથી કોણ આવ્યું છે ?

2). કોણ વાતો કરે છે ?

3). તમારે શું જોઈએ છે ?

## સ્વવાચક સર્વનામ

જે સર્વનામ પુરુષવાચક સર્વનામની સાથે વપરાઇને તેને પોતાને ઓળખાવે છે તે સ્વવાચક સર્વનામ કહેવાય છે. 'પોતે, ખુદ, જાતે' જેવા સ્વવાચક સર્વનામ છે.

ઉદાહરણ :

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર

1). મે પોતે આ પુસ્તક લખ્યું છે.

2). મે જાતે ચા બનાવી છે.

## અનિશ્ચિતવાચક સર્વનામ

જે સર્વનામ વડે ચોક્કસ વ્યક્તિ કે પદાર્થનો અર્થ સૂચવતો નથી એટલે કે જેનો નિર્દેશ અનિશ્ચિત રહે છે તેને અનિશ્ચિતવાચક સર્વનામ કહે છે. જેવા કે 'કઈક, કોઈ, કાંઈક, અમુક, દરેક,પ્રત્યેક, સહુ, સર્વ, બધુ, અન્ય, બીજું' વગેરે અનિશ્ચિતવાચક સર્વનામ છે.

ઉદાહરણ :

>> આ બસમાં દરેક વ્યક્તિ મુસાફરી કરી શકે છે.

>> ત્યાંથી તને કોઇકે બૂમ પાડી.

>> તેને કાંઈ ખાધુ નથી.

shikshansagar.com · The King of Education · શિક્ષણ સાગર